4 A


# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ / 48 તારીખ: 02/06/2023

રજી. એ. ડી. દ્વારા

પ્રતિ

શ્રીમતી જ્યોત્સનાબેન ભોજાભાઈ ડાભી

C/O જયદીપ બી ડાભી

પ્લોટ નંબર ૨૭ સ્વામી વીવેકાનંદ નગર

અંજાર

મોબાઇલ નંબર:- ૯૯૯૮૭૦૬૯૦૭

વિષય:- કેસ નબર પીજી ૦૪/૦૦૩/૨૦૨૨-૨૩

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૪/૦૦૩/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, અંજાર

( સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાયેંવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, અંજાર શહેર ૧

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email - forumbhuj.pgvcl@gebmail.com.


કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા.  /     /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG04-003-2022-23

જ્યોત્સના બેન ડાભી ના પ્રતિનિધિ
શ્રી જયદીપ બી.ડાભી
ગામ:- અંજાર, જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, અંજાર-કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ પોલ નાખવા અંગે...

અરજદાર તરફે :- શ્રી જયદીપ બી.ડાભી

સામેવાળાના તરફે :- એમ.આર.ધામેચા (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, અંજાર

કોરમ:

(૧) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(૨) શ્રી એ.એસ.ગુરવા – મેમ્બરટેક

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: 30/05/2023

## ઠરાવ

આ કામના અરજદારશ્રીની અરજી ની હકીકત એવી છે કે ગ્રાહક નંબર ૩૮૨૦૨/૨૧૧૪૪/૧ નામે ડાભી જ્યોત્સનાબેન ભોજાભાઈ ૨ કી.વો.નું ઘરવપરાશનું વીજ કનેક્શન ધરાવે છે.એમની શેરીએ ૯૦ મીટર પર માત્ર એક જ વીજ પોલ છે.એક જ વીજ પોલ પરથી ૧૫ જેટલા વીજ જોડાણ આપવામાં આવેલ છે.પીજીવીસીએલના નિયમો અને ઈલેક્ટ્રીસીટી એક્ટની જોગવાઈ મુજબ અમો વીજજોડાણ થાંભલો ૩૦ મીટરની વધુ અંતરે હોઈ સલામતીને ધ્યાનમાં લઇ કાયદેસર વચ્ચે એક થાંભલો નાખવો ખુબ જરૂરી છે.અને સદરહુ થાંભલો ન હોવાથી પાવર સપ્લાયના વોલ્ટેજમાં પણ અસર થાય છે. વધુમાં અરજદાર દ્વારા નાયબ ઈજનેર અંજાર શહેર પેટા વિભાગના પત્ર નંબર અંજાર સીટી/ટેક/૨૨/૨૦૯૭ તા.૧૪/૧૦/૨૦૨૨ મુજબ સદરહુ પોલ લગાડવા બાબતે પડોશી દ્વારા વાંધો લેવામાં આવેલ એ અંગત પ્રશ્ન હોઈ પોલીસ કાર્યવાહી આપના લેવલે કરી શકો છો એ પત્ર  બાબતે અરજદારે વાંધો લીધેલ છે.

બીજી તરફ સામેવાળાપીજીવીસીએલની રજૂઆત એવી છે કે સદરહુ અરજદારને ૩૫ મીટર સર્વિસ લાઈન G I  વાયર સાથે વીજ કનેક્શન આપેલ છે.સદરહુ  અરજદારને એમના ઘર પાસે વીજ પોલ નાખવા માટે અંજાર શહેરપેટા વિભાગીય કચેરી દ્વારા પ્રયત્ન કરેલ પરંતુ એમના પડોશી  દ્વારા વાંધો લેતા સદર કામ પૂર્ણ થયેલ નથી અને એ બાબતે ફરિયાદીને ટેલીફોનીક જાણ કરેલ.

ત્યારબાદ ફરિયાદીની રજૂઆત અનુસંધાને ફરીથી સર્વે તારીખ ૦૪/૦૧/૨૦૨૩ ના  રોજ કરેલ અને પડોશી સાથે થાંભલો ઉભો કરવા ચર્ચા કરેલ અને પોલ ઉભો કરવા સમજાવેલ અને અરજદારના મકાન પાસે સોસાયટી  ના ગેટ પાસે પોલ ઉભો કરવાની જગ્યા છે જ્યાં હાલે ટેલીફોન પોલ ઉભો છે.સદર પોલ ઉભો કરવામાં અરજદારના પડોશી  સમંત થયેલ છે.અને તેમણે સદર જગ્યાએ પોલ ઉભો કરવાથી કઈ વાંધો નથી તેમ જણાવેલ અને સદર જગ્યાએથી અરજદાર નું વીજ કનેક્શન સર્વિસ લાઈન નજીક થાય છે અને સદર બાબતે અરજદારનો મોબાઈલ નંબર પર સંપર્ક કરી સદર સોસાયટીના ગેટ પાસેની જગ્યાએ પોલ ઉભો કરવા જણાવેલ પરંતુ તે બાબતે અરજદારે પોલ ઉભો કરવાની ના પડતા કામ પૂર્ણ કરી શકાયેલ નથી.

વધુમાં સદરહુ અરજદારને પાવર સપ્લાય હાલે કોઈપણ જાતના વિક્ષેપ વગર મળે છે અને પોલ ઉભો કરવા બાબતનો પડોશી સાથેનો વિવાદ પીજીવીસીએલની જવાબદારી નથી

બને પક્ષકારોની રજૂઆત જોતા મોટા ભાગની હકીકત સદરહુ ફરિયાદીના પડોશી  દ્વારા થાંભલો ખોડ્વા માં કરવામાં આવેલ વિરોધને કારણે સદરહુ ફરિયાદ ઉત્પન્ન થયેલ છે.સદરહુ થાંભલો નજીક ન હોવાને કારણે ફરિયાદીને પાવર સપ્લાય બાબતે કોઈ વિક્ષેપ થતો નથી.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

સદરહુ અરજદારને પીજીવીસીએલ તરફથી હાલે વીજ પુરવઠો નિયમિત આપવામાં આવે છે અને થાંભલો નજીક ન હોવાને કારણે વીજ સપ્લાય વોલ્ટેજમાં જયારે અરજદારની ફરિયાદ આવે ત્યારે પીજીવીસીએલએ સદરહુ ફરિયાદનું જરૂરી વાયર બદલાવી કે અન્ય રીતે નિરાકરણ લાવવું.

.અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એ.એસ.ગુરવા)
મેમ્બર ટેક

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫